## હરિની દ્રષ્ટિ...




તને ખબર ન પડે... આપણા માટે જ જાય છે...!!

# દહેગામના પાલુન્દ્રામાંથી અંગ જકડાવાના નવા ૪ કેસ

## મોયેલા ઘઉં ખાવાથી અંગ જકડવાના દર્દીઓની સંખ્યા ૫૦ થઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પાલુન્દ્રા ગામેથી આજે નવા ચાર કેસ મોયેલા ઘઉં ખાવાથી અંગ જકડાઈ જવાના મળી આવતાં આરોગ્યતંત્ર હરકતમાં આવ્યુંછે. દહેગામ તાલુકામાં મોયેલા ઘઉં ખાવાથી અંગ જકડાઈ જવાના આજ સુધીમાં મળેલા કેસોની સંખ્યા ૫૦ થવા પામી છે.

દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પણ આવા કેસો મળતાં તંત્ર પણ હચમચી જવા પામ્યુ છે. અગાઉ મળેલા કેસોને પગલે રાજ્યના આરોગ્યમંત્રી શ્રી નીતિન પટેલ જાતે ત્યાં દોડી ગયા હતા અને એફએસએલ તેમજ ખોરાક ઔષધ નિયમન તંત્રને તપાસના આદેશો જારી કર્યા હતા.

જો કે આ તપાસનો કોઈ જ રિપોર્ટ હજુ તંત્રને મળ્યો નથી તે પણ એટલી જ દુઃખદ ઘટના છે.

મળતી વિગતો મુજબ પાલુન્દ્રામાંથી આજે મળી આવેલા ૪ દર્દીઓ પૈકી બે દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે બે દર્દીને દહેગામ ખાતે સારવાર આપવામાં આવી રહી છે.

દહેગામ તાલુકામાં મોયેલા ઘઉં ખાવાથી અંગ જકડાઈ જવાના બની રહેલા કેસો આરોગ્યતંત્ર માટે કોયડા જેવા બની રહ્યા છે. જેમાં દર્દીને પગની પીંડીઓમાં અસહ્ય વેદના થતી હોય છે તેમજ ચાલવામાં અને બેસવામાં તકલીફો પડતી હોય છે.

આજે જિલ્લા આરોગ્યતંત્રની ટીમે પાલુન્દ્રાની મુલાકાત લીધી હતી અને ગામમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે કોઈ શંકાસ્પદ કેસો નહિ મળ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

● રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના સચિવશ્રી અજયભાદુએ આજે ગાંધીનગર મેડીકલ કોલેજના હોલની મુલાકાત લીધી હતી.

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત લોકોના સૂચનો મેળવવા સે. ૭માં યોજાયેલ કાર્યક્રમમાં ૧૩ કાઉન્સીલરોની હાજરીને લઈ લોકો પણ ઉત્સાહિત જોવા મળ્યા હતા.

● આજે વધુ એક વખત સે. ૨૪માં સ્માર્ટ સીટીના પ્રોજેક્ટ માટે સૂચનો મેળવવાનો કાર્યક્રમ તંત્ર દ્વારા યોજાવાનો છે.

● ગાંધીનગરના અધિક નિવાસી કલેક્ટર શ્રી કાલરિયા રજા પર ગયા હોવાથી તેમનો હવાલો જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી નીશા શર્મા સંભાળી રહ્યા છે.

● ગાંધીનગર સચિવાલયમાં આજે ભાજપના ધારાસભ્યો શ્રી પ્રવિણ માંકડિયા અને ચીમનભાઈ સાપરિયાને સરકારે બોલાવી તેમની સાથે આંદોલનકારી મહિલાઓ દ્વારા થયેલા વ્યવહારની વિગતો મેળવી હતી.

● ગુજરાત સરકાર દ્વારા વડનગર ખાતે યોજાતો તાના-રીરી મહોત્સવ-૨૦-૨૧ નવેમ્બરના રોજ યોજાશે.

● રાજ્યના ગૃહ વિભાગને ૮૪૫૦ પોલીસની જગ્યા માટે ૬.૫૦ લાખ અરજીઓ મળી છે.

# મેરીટાઈમ બોર્ડનો જુનિયર કલાર્ક લાંચ લેતા પકડાયો

## સ્પોર્ટ ક્રાફટના રજીસ્ટ્રેશન માટે માંગેલા રૂપિયા આપવા ઓફીસમાં અરજદારને ઓફીસે બોલાવ્યો ને એસીબીએ ચેમ્બરમાં જ ટ્રેપ ગોઠવી દીધી હતી : જુનિયર કલાર્કની ધરપકડ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૦ખાતે સ્થિત મેરીટાઈમ બોર્ડની ઓફીસમાં આજે સવારે જુનિ.કલાર્ક જુનાગઢ એસીબીની ઝપટમાં આવી ગયો હતો. ગીર સોમનાથના ઉના પાસેના એક વ્યકિતએ સ્પોર્ટ ક્રાફટ રજીસ્ટ્રેશન કરી આપવા રૂ. ૫૦ હજારની લાંચ સાથે ગાંધીનગર ઓફીસમાં બોલાવ્યો હતો. એસીબીએ ટ્રેપ ગોઠવીને જુનિ. કલાર્કની રૂ. ૫૦ હજારની લાંચ સ્વિકારતા ધરપકડ કરી લીધી છે.

ગીર સોમનાથના ઉના વિસ્તાર નજીક રહેતા ડી.બી. ગોસ્વામીએ સ્પોર્ટ ક્રાફટ રજીસ્ટ્રેશન કરવા ગાંધીનગર સ્થિત મેરી ટાઈમ બોર્ડની કચેરી 'સાગર ભવન' ખાતે અરજી કરી હતી. આ સ્પોર્ટ ક્રાફટ રજીસ્ટ્રેશન કરવા માટે મેરીટાઈમ બોર્ડના જુનિ. કલાર્ક જવાહર રામચંદ્ર દામાનીએ કામ પતાવી આપવા રૂ. ૫૦હજારની માંગણી કરી હતી. ૧૮ સપ્ટેમ્બરે લાંચના રૂપિયા આપવા માટે કલાર્કે કહ્યું હતું પરંતુ તે દિવસે હવામાન ખરાબ હોવાના કારણે કલાર્ક પોતે આવ્યા ન હતાં. જેને પગલે આજે સવારે જુનિ. કલાર્કે ડી.બી. ગોસ્વામીને રૂ. ૫૦ હજાર આપી જવા ગાંધીનગરમાં ઓફીસમાં બોલાવ્યા હતા. જેની ટ્રેપ જુનાગઢ એસીબી પીઆઈ આર.પી. ભેડા તથા તેમની ટીમે ગોઠવી જુનિ. કલાર્ક જવાહરને પોતાની ઓફીસમાં જ લાંચ સ્વિકારતા રંગેહાથ પકડી પાડયા હતા. અને તેની ધરપકડ કરી લઈ કાર્યવાહી શરુ કરી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

**કુડાસણ પાસે સ્કુલ બસમાં સ્વીફટ ગાડી ઘુસી ગઈ**

ગાંધીનગર-કોબા માર્ગ પર સ્થિત કુડાસણ ગામના પાટીયા પાસેથી પસાર થઈ રહેલી હિલવુડ સ્કુલ બસને એક સ્વિફટ ગાડીએ સાઈડ પરથી ટકકર મારી હતી. સ્વિફટ ગાડી સ્કુલ બસના ડાબી બાજુના પાછળના ટાયર પાસેના ભાગમાં ઘુસી જતા બસ અને ગાડી બંનેને મોટું નુકશાન થયું હતું પરંતુ સદભાગ્યે કોઈને પણ ગંભીર ઈજાઓ કે જાનહાની થવા પામી ન હતી.



**સોલૈયા ગામે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો**

ગાંધીનગરની અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ દ્વારા રેડક્રોસ સોસાયીના સહયોગથી સોલૈયા ગામે નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં કુલ ૧૨૪૭ ગ્રામજનોની તપાસણી કરવામાં આવી હતી.

## લવારપુર ખાતે ચિંતન શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના લવારપુર ગામની સ્વામીનારાયણ હાઈસ્કૂલ ખાતે ગ્રામજનોને ધાર્મિક અંધશ્રદ્ધા, કુરિવાજો અને વહેમમાંથી બહાર લાવવા માટે લોક જાગૃતિના માધ્યમથી ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

રાજયભરના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા ગ્રામજનો અસામાજીક પ્રવૃત્તિ, કુરિવાજો, અંધશ્રદ્ધા તેમજ વહેમના કારણે આર્થિક, માનસિક તેમજ સામાજીક દ્રષ્ટિએ પાયમાલ થઈ જાય છે. ત્યારે લવારપુરના જાગૃત નાગરીકોએ ગ્રામજનો માટે ચિંતન શિબિરનું આયોજન કર્યુ હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ડૉ. અનિલભાઈ પટેલ તથા રતિભાઈ પટેલે ગામના ૧૭૦ વરિષ્ઠ નાગરીકો અને ગ્રામજનોને અંધશ્રદ્ધા અને સામાજીક કુરિવાજોના વળગેલા વડગણને સત્વરે તિલાંજલિ આપવા પોતાના પ્રેરણાદાયી વક્તવ્યમાં જણાવ્યું હતું. ગામના જાગૃત નાગરિકોએ સમાજના ઉત્થાન તેમજ પ્રગતિમાં ઉમદા કાર્ય દ્વારા ધાર્મિક ભાવના વધુ પ્રેરણાદાયી બને તેવા કાર્યમાં સહભાગી થવાનો આત્મવિશ્વાસ દર્શાવ્યો હતો. આ શિબિરમાં ગામના સરપંચ મંજુલાબેન પટેલ, રણછોડભાઈ પટેલ, ગુણવંતભાઈ પટેલ, કાલીદાસભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# કુડાસણ પાસે પાટીદારોએ લોલીપોપ વિતરણ કર્યું

## સરકારની જાહેરાત લોલીપોપ સમાન હોવાનો નિર્દેશ કરવા સરદાર પટેલ ગ્રુપ દ્વારા કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૯

પાટીદાર અનામત આંદોલને સરકારના નાકે દમ લાવી દેતા રાજ્ય સરકારે વિશેષ પેકેજની જાહેરાત કરી હતી. આ પેકેજ પણ લોલીપોપ સમાન હોવાનું જણાવીને પાટીદારો દ્વારા ઠેર ઠેર લોલીપોપ વિતરણ કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગર સરદાર પટેલ ગ્રુપ દ્વારા કુડાસણ ખાતે આજે સાંજે લોલીપોપ વહેંચવામાં આવી હતી અને સરકારની જાહેરાતનો પરોક્ષ રીતે વિરોધ વ્યક્ત કર્યો હતો.

રાજ્ય સરકારે અનામત આંદોલનને શાંત પાડવા માટે સવર્ણો માટે વિશેષ પેકેજની જાહેરાત કરી હતી. જેમાં શૈક્ષણિક બાબતો પર વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે અને તે ઉપરાંત વયમર્યાદામાં પાંચ વર્ષની વધુ છુટછાટ આપવામાં આવી છે. આ વિશેષ પેકેજ સ્વરૂપે સરકારે પાટીદારોને લોલીપોપ પકડાવી હોવાનું સરદાર પટેલ ગ્રુપ તથા પાટીદાર અનામત આંદોલન સમિતિનું માનવું છે. આ જાહેરાતના વિરોધ માટે વિવિધ જિલ્લાઓમાં લોલીપોપ વિતરણ કાર્યક્રમ કરવામાં આવ્યા બાદ આજે સાંજે ગાંધીનગર નજીક સ્થિત કુડાસણ ખાતે એસપીજીની ઓફીસ પાસે હજારો લોલીપોપ વહેંચવામાં આવી હતી. લોલીપોપ વહેંચીને સરકારની વિશેષ પેકેજનો વિરોધ કરવામાં આવ્યો હતો.

## ૨ ઓક્ટોબર-૨૦૧૫ ગાંધીજયંતિ ખાદી ફોર નેશન ખાદી ફોર ફેશન

ગાંધીનગર, તા. ૨૯

ભારતના રાષ્ટ્રપિતિ મહાત્મા ગાંધીજીની ગરીબ કારીગરોના આર્થિક ઉત્કર્ષ માટે ખાદી વસ્ત્રોને રોજગારનું ઉત્તમ સાધનની વિચારધારાને પ્રોત્સાહિત કરવા ગુજરાત સરકારના અધિકારી-કર્મચારીઓને ખાદીના વસ્ત્રોની ખરીદી કરવા રાજ્ય સરકારે અપીલ કરી છે તેવું સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવ્યું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આગામી ૨જી ઓક્ટોબર-૨૦૧૫, ગાંધી જયંતિ નિમિત્તે સ્વદેશી ભાવનાને વધુને વધુ પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકારના તમામ અધિકારી અને કર્મચારીઓને તા. ૨-૧૦-૨૦૧૫ના રોજ ગાંધી જયંતિથી શરૂ થનાર ખાદી વળતરનો લાભ લઈ ખાદીના વસ્ત્રોને ખરીદી 'ખાદી ફોર નેશન ખાદી ફોર ફેશન'ને સાર્થક કરવા અપીલ કરાઈ છે.

રાજ્ય સરકારના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ખાદી વસ્ત્રો, વસ્તુઓની ખરીદી કરી, ખાદીને તેઓના જીવનનો અભિન્ન હિસ્સો બનાવવા તથા ૨જી ઓક્ટોબર, ૨૦૧૫થી શરૂ કરી ઓછામાં ઓછુ એક સપ્તાહ સુધી ખાદી વસ્ત્રો પહેરીને રોજગારીને ઉત્તેજન આપવા અને રાષ્ટ્રના વિકાસમાં અમૂલ્ય ફાળો આપી પૂ. મહાત્મા ગાંધીની સ્વદેશી ખાદીની વિચારધારાને અપનાવવા યાદીમાં અનુરોધ કરાયો છે.

# જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા આર્યુવેદ ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૯

રાજયભરમાં ડેન્ગ્યુ, સ્વાઈન ફલુ સહિતના રોગોએ માથું ઉંચકયું છે ત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ હાલમાં જોવા મળતા રોગો સામે રોગ પ્રતિકારક શકિત વધારવા માટે આર્યુવેદ ઔષધિય ઉકાળાનું વિતરણ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા શરુ કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં વધતા જતા રોગ માટે જિલ્લા કલેકટર તેમજ જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ વિવિધ જગ્યાએ ઔષધિય આયુર્વેદ ઉકાળાનું વિતરણ શરુ કરવામાં આવ્યું છે. નગરના શરદી અને તાવના દર્દીઓને તપાસી જરુરી યોગ્ય દવાઓ આપવામાં આવશે. ગાંધીનગર શહેરી વિસ્તારના દવાખાનામાં સવારની ઓપીડી દરમિયાન ઉકાળાનું વિતરણ કરવામાં આવશે. જેમાં સરકારી આર્યુવેદ દવાખાનું સે-૭, ડૉ. મમતાબેન દેસાઈ, સરકારી આર્યુવેદ દવાખાનું સે-૨૯ ડૉ. સંગીતા જોષી, સિવિલ ઓપીડી આર્યુવેદ ડૉ. ભાવેશ પટેલ સવારની ઓપીડીના સમય દરમિયાન સેવા આપશે. જયારે ઉદ્યોગભવન ઘ-૪ સર્કલ પાસે સવારે ૯.૪૫ થી ૧૧ વાગ્યા સુધી ઉકાળાનું વિતરણ થશે જયારે જિલ્લાના ગામોમાં ડૉ. દક્ષેન ત્રિવેદી (ટીંટોડા-સમવાર), ડૉ. અમીત પટેલ (અમીયાપુરા-મંગળવાર), ડૉ. કામીની વ્યાસ (સરઢવ-બુધવાર), ડૉ. પીના જોષી (પોર-ગુરુવાર), ડૉ. ભાવિકા પ્રજાપતિ (જમીયપુરા-શુક્રવાર), ડૉ. મીરા રાજગુરુ (મગોડી-શનિવાર), એસ.એસ. રાવલ (સે-૭ ગાંધીનગર-સોમથી શનિ) ફરજ બજાવશે. તાવ તેમજ શરદી ઉધરસના દર્દીઓને તપાસી યોગ્ય દવા ડોકટર દ્વારા કરવામાં આવશે. તેમજ આર્યુવેદ ઉકાળાનું વિતરણ કરાશે. આ આર્યુવેદ ઉકાળાનો નગરજનોને મોટી સંખ્યામાં લાભ લેવા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.



**ઓમ લેન્ડમાર્ક સ્કૂલના વિદ્યાર્થીઓ રોલબોલ સ્પર્ધામાં ઝળક્યા**

રોલબોલ એસોસિએશન ગુજરાત દ્વારા તાજેતરમાં રોલબોલ સ્ટેટ ચેમ્પિયનશીપ અન્ડર-૧૪ વડોદરા ખાતે આવેલી ગુજરાત પબ્લિક સ્કૂલ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં ચિલોડા ખાતે આવેલ ઓમ લેન્ડમાર્ક સ્કૂલના કેલાડીઓ તૃતીય ક્રમ મેળવીવિજેતા બન્યા હતા. આ વિજેતા ખેલાડીઓ રોલબોલની નેશનલ કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. સિદ્ધિ મેળવવા બદલ શાળાના આચાર્યએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# બાપુ કોલેજમાં રક્તદાન શિબિર યોજાયો ૧૫૦ બોટલ રક્ત એકત્ર કરાયું

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકાના વાસન ખાતે બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં કેમ્પસમાં એનએસએસ યુનિટ દ્વારા આયોજિત રક્તદાન શિબિરનો સવારે ૯.૩૦ કલાકે પ્રારંભ થયો હતો. ઈન્ચાર્જ પ્રા. નિલેશ પટેલે રેડક્રોસ સોસાયટીને પુરતો સહયોગ આપ્યો હતો. રેડક્રોસ સોસાયટીના ચેરમેન આકર્ષક કેપ ભેટમાં આપવામાં આવી હતી. એકત્ર કરાયેલ રક્ત રેડક્રોસ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલને દાન કરવામાં આવ્યું હતું.




ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુંહતું. રક્તદાન કેમ્પમાં કુલ ૧૫૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યુંહતું.

શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજના બપોરના ૩ વાગ્યા સુધી ચાલેલા આ કેમ્પમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લેતા કુલ ૧૫૦બોટલ રક્ત એકત્ર થયું હતું. કેમ્પના આયોજન માટે કોલેજના એનએસએસ યુનિટના મેહુલ શાસ્ત્રી, વાઈસ ચેરમેન જીગ્નેશ રાવલ, વાઈસ પ્રેસીડેન્ટ જયેન્દ્ર પરીખે જહેમત ઉઠાવી શિબિરને સફળ બનાવ્યો હતો. સેવાભાવી ભગુભાઈ પટેલ દ્વારા રક્તદાતા વિદ્યાર્થીઓને

# ગ્રાન્ટ ન ફળવાતા સરકારી આવાસોના રીનોવેશનનુ કામ ઠપ્પ : પ્રજાના કામો અટવાયા

## લાંબા સમયથી પાટનગર યોજના ભવનમાં એજન્સીઓને તોંતિંગ બીલો ચુકવાયા નથી

ગાંધીનગર તા ૨૯

શહેરમાં સરકારી આવાસોના રીનોવેશનની કામગીરી મંદ પડી ગઈ છે. છેલ્લા ઘણાં સમયથી માર્ગ મકાન વિભાગ દ્વારા ગ્રાન્ટ ન ફળવાતા કોન્ટ્રાકટરોમાં આક્રોશ પ્રવર્તયો છે. જયારે મોટા બીલોની ચુકવણી ન થતા અન્ય વિકાસલક્ષી કામો પણ અટવાયા છે. મેન પાવરના અભાવ વચ્ચે આમ પણ વિભાગની વહીવટી કામગીરી ખાડે ગઈ છે. ત્યારે ડીવિઝન કક્ષાએ બીલો ન ચુકવાતા એજન્સીઓ પણ ઝડપી કામ પુર્ણ કરવામાં નિરસતા દાખવે છે.

શહેરમાં પાણી ગટર તેમજ રસ્તા અને વિવિધ આવાસોના રીનોવેશનની મહત્વની જવાબદારી સંભાળતા પાટનગર યોજના વિભાગની કામગીરી અને વહીવટ ખાડે ગયો છે. અકબાજુ વિવિધ ડીવિઝનમાં મોટાભાગની જગ્યાઓ ખાલી છે. નિવૃતિના દૌર બાદ પાટનગર યોજના ભવનમાં મોટાભાગની જગ્યાઓ ચાર્જમાં છે. જયારે એસ ઓ તેમજ સિનિયર કલાર્કની જગ્યાઓ પણ ભરાતી નથી. બીજીતરફ વિભાગ કક્ષાએથી હાથ ધરાતી વિકાસલક્ષી કામગીરી પણ મંદ પડી ગઈ છે. મકાન રીનોવેશન સહીતની કામગીરી અન્વયે કામ સંભાળતી એજન્સીઓને કામના બીલ ચુકવાયા નથી લાંબા સમયથી માર્ગ મકાન વિભાગ દ્વારા પાટનગર યોજના ભવનમાં ડીવિઝન કક્ષાએ ગ્રાન્ટ ન ફળવાતા કોન્ટ્રાકટરોને બીલની ચુકવણી ન થતા પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. જેના પરિણામે સરકારી આવાસોના મજબુતી-કરણની કામગીરી પણ મંદ પડી ગઈ છે. જયારે બીલોની ચુકવણીના અભાવે અન્ય કામો પર વિપરિત અસર થતા મોટાભાગના કામો અટવાયા છે. આ મામલે વિભાગમાં પણ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા છતા કોઈ પગલા ન લેવાતા પ્રજાલક્ષી કામો અટવાયા છે.